❖ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

(૧) નાયકને એક વખત શાનું નિમંત્રણ મળ્યું ?
(૨) નાયક સંમેલનમાં શેના વિશે બોલ્યા ?
(૩) નાયકની નજરમાં અખાડાના સંચાલક કેવા દેખાયા ?
(૪) નાયકનું શરીર જોઈ સંચાલકે શું કહ્યું ?
(૫) નાયકની બાબતમાં કયા કયા ખોટા ખ્યાલો પ્રવર્તે છે ?
(૬) નાયકમાં કયો દુર્ગુણ હતો ?
(૭) નાયકને પરસેવો કયા સંજોગોમાં ગમતો હતો ? શા માટે ?
(૮) કસરતથી કયો ફાયદો થાય છે ?
(૯) માણસના મુખ્ય ધર્મ વિશે શું કહેવામાં આવ્યું છે ?
(૧૦) તંદુરસ્તીનું મહત્વ સમજાવતી કઈ કહેવત યાદ આવે છે ?
(૧૧) છગનકાકાએ ઉદાહરણમાં કઈ કહેવત કહી ?
(૧૨) અખાડામાં જઈ નાયકે શું કરવાનું હતું ?
(૧૩) ‘અથાગ પરિશ્રમ કરવો ’ આ માટે પાઠમાં કયા શબ્દનો ઉપયોગ થયો છે ?
(૧૪) ઉત્સાદ નાયકને કુસ્તી પહેલાં શું કરવાની સલાહ આપે છે ?
(૧૫) નંદુએ કેવા પ્રકારની લાગણીથી નાયક સામે જોયું ?
(૧૬) ‘ ચાલો અખાડામાં ’ વાક્ય સાંભળી નાયકને આશ્ચર્ય કેમ થયું ?
(૧૭) વ્યાયામ શાળામાં કોની જય બોલાવવામાં આવે છે ?
(૧૮) કોઈપણ શુભકાર્યના આરંભમાં આપણે કયા દેવને યાદ કરીએ છીએ ?
(૧૯) નંદુએ નાયકને અખાડામાં ખેંચીને કેમ ઉતાર્યા ?
(૨૦) નાયકે જાંઘ પર પ્રહાર કર્યા છતાં અવાજ કેમ ન થયો ?
(૨૧) નાયકનું શરીર કસાયેલું ન હતું એમ કયા ઉદાહરણ પરથી કહી શકાય ?
(૨૨) નંદુએ કુસ્તીની શરૂઆત કેવી રીતે કરી ?
(૨૩) નંદુએ કરેલા પહેલા પ્રહારની નાયક પર શી અસર થઈ ?
(૨૪) ‘હસવાની ક્રિયા પણ તૈયારીની વિધિ હશે’ આ વાક્ય શું સૂચવે છે ?
(૨૫) નંદુના બીજા પ્રહારથી નાયકે શું અનુભવ્યું ?
(૨૬) ચીત કરવું એટલે શું ?
(૨૭) ચીત થયું એટલે શું ?
(૨૮) નંદુએ નાયકને કુસ્તીના દાવપેચ શીખવવાની કેમ ના પાડી ?
(૨૯) નંદુનો ચહેરો ઉતરેલો શા માટે હતો ?
(૩૦) નાયક કયા દાવપેચ જાણતા હતા ?
(૩૧) બીજે દિવસે અખાડામાં જઈ વડીલે નાયકને શું કરવાનું કહ્યું ?
(૩૨) નાયક દંડબેઠક કેવી રીતે કરવાનું સમજે છે ?
(૩૩) દંડ પીલતા લોકોને જોઈ નાયકને એ ક્રિયા કેવી લાગી ?
(૩૪) નાયકને મજબૂત શરીરવાળાનાં મન કેવાં લાગ્યાં ?
(૩૫) દંડ બેઠક કર્યા ? એના જવાબમાં નાયકને કયો ભાવ દૂર થાય છે ?